BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# રાયરસન યુનિવર્સિટી, સ્કૂલ ઓફ મેડિસિન માટે સીટી ઓફ બ્રૅમ્પટન પાસેથી નીધિયન પ્રાપ્ત કરશે

***સિટી પાસેથી $1 મિલિયનનું ભંડોળ રાયરસન યુનિવર્સિટીને સ્કૂલ ઓફ મેડિસિનના નીધિયનમાં મદદરૂપ થશે***

બ્રૅમ્પટન (07 જુલાઈ 2021) - આજે બ્રૅમ્પટન સિટી કાઉન્સિલે $1 મિલિયનના આયોજન અનુદાનને શહેરમાં ભાવિ સ્કૂલ ઓફ મેડિસિન ઊભી કરવા માટે બહુમતે પસાર કર્યું. રાયરસન યુનિવર્સિટીના અધ્યક્ષ મોહમદ લચેમીએ રજૂઆત કર્યા બાદ નીધિયનનો નિર્ણય લેવામાં આવ્યો અને તેનો ઉપયોગ ઓન્ટારિયો પ્રશાસનને સત્તાવાર પ્રસ્તાવ આપવાના સમર્થન માટે કરાશે.

સીટી ઓફ બ્રૅમ્પટન પાસેથી આ ભંડોળ રાયરસનની સ્કૂલ ઓફ મેડિસિનની દરખાસ્તના સમર્થનમાં આ વર્ષના પૂર્વાર્ધમાં પ્રોવિંસ ઓફ ઓન્ટારિયો દ્વારા મંજૂર થયેલ $1 મિલિયનના ભંડોળ સમકક્ષ છે. આ દરખાસ્ત રાયરસનનો આરોગ્ય શિક્ષણ અંગેના અભિગમને વિગતવાર દર્શાવશે જેમાં પ્રાથમિક કાળજી પરનો ફોકસ, દર્દીની જરૂરિયાતોને પહોંચી વળવા ટેકનોલોજીનો વિસ્તૃત ઉપયોગ, આંતર-વ્યવસાયિક પ્રેક્ટિસ અને સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ કાળજીની જોગવાઇનો સમાવેશ થશે.

આ ભંડોળથી યુનિવર્સિટી મેડિકલ સ્કૂલ સ્થાપવા માટેના ભાવિ સંભવિત સ્થળ ઓળખવા માટે સિટી સાથે સહયોગ કરશે જેમાં બ્રૅમ્પટન ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો સમાવેશ થાય છે. અગાઉ જાહેર કરેલ 18 થી 24 મહિનાની સમયસીમાની અંદર પ્રોવિંસ ઓફ ઓન્ટારિયોને પોતાની દરખાસ્ત રજૂ કરવામાં યુનિવર્સિટી સમયની પાબંદ રહી છે.

રાયરસન યુનિવર્સિટીના અધ્યક્ષ અને વાઇસ-ચાન્સેલર મોહમદ લચેમીએ જણાવ્યું કે "ઓન્ટારિયોમાં આરોગ્ય સંભાળ શિક્ષણના વિસ્તરણમાં બ્રૅમ્પટન અમારા સહયોગી હોવાનો અમને ગૌરવ છે અને અમે આ સમર્થન આપવા બદ્લ તેમના ઋણી છીએ." "નવી મેડિકલ સ્કૂલથી બ્રૅમ્પટનમાં આરોગ્ય સંભાળ પ્રણાલિમાં નટ્યાત્મક ઉન્નતિ આવશે અને તેનાથી આપણા આખા પ્રાંતમાં આરોગ્ય સંભાળ અને આરોગ્ય સંભાળ સંબંધિત ક્ષેત્રોમાં જાત જાતની પ્રતિભાઓ ફળીભૂત થવા માટેના પાયા નંખાશે."

બ્રૅમ્પટનમાં સ્કૂલ ઓફ મેડિસિન ઓન્ટારિયો આખામાં તબીબી શિક્ષણનો નવતર અભિગમ રજૂ કરશે - જે યુનિવર્સિટીની સમાજ, વૈવિધ્ય અને સમાવેશિતા અને આરોગ્ય કાળજી પ્રદાન કરવામાં અને પ્રેક્ટિસ કરવામાં કંઇક નવું કરવાની બદલાતી જરૂરિયાતોને સંબોધિત કરવાની પ્રતિબદ્ધતાને કારણે થશે. બ્રૅમ્પટન તેમજ પ્રાંતની આરોગ્ય સંભાળ પ્રણાલિમાં જે ત્રુટિઓ છે તેનું નિરાકરણ આ અભિગમથી થઈ જશે, જે આ બન્ને જગ્યાઓમાં વૈશ્વિક મહામારીને કારણે ઊભી થઈ છે. બ્રૅમ્પટન ખાતેની સ્કૂલ ઓફ મેડિસિન સાયબરસિક્યોર કેટેલિસ્ટ અને બ્રૅમ્પટન વેન્ચર ઝોન સહિત સીટી ઓફ બ્રૅમ્પટન અને યુનિવર્સિટી વચ્ચેની પ્રવર્તમાન ભાગિદારીનો આધાર લઈને આ સંયુક્ત દ્રષ્ટિકોણને વિસ્તારશે.

"બ્રૅમ્પટનના યુવાન, વૈવિધ્યસભર અને ઝડપથી વિકાસ પામતા સમાજની જરૂરિયાતો પૂર્ણ કરવા માટેની વધુને વધુ પશ્વ-અમુખ્ય તકોની વૃદ્ધિને અમે આવકારીએ છીએ. સમાન આરોગ્ય સંભાળ સેવાઓની આપણી જરૂરિયાત COVID-19ને કારણે વધી ગઈ હોવાને કારણે રાયરસન સ્કૂલ ઓફ મેડિસિનમાં નિવેશ કરવાની તક સિટી માટે મહત્ત્વપૂર્ણ સમયે આવી છે" એવું બ્રૅમ્પટનન મેયર પૅટ્રિક બ્રાઉને જણાવ્યું હતું. રોગ નિવારણ અને આરોગ્ય સહાય; ગૃહ સંભાળ; અને તીવ્ર કાળજી માંગતી હૉસ્પિટલ સેવાઓ જેવા કાર્યક્રમોમાં આરોગ્ય સંભાળ પ્રદાતાઓની નવી પેઢી આપણા જ શહેરમાં તાલીમ લઈ શકે તે બ્રૅમ્પટનની રાયરસન સ્કૂલ ઓફ મેડિસિન સુનિશ્ચિત કરશે. ઐતિહાસિક દ્રષ્ટિએ બ્રૅમ્પટનને આરોગ્ય સંભાળ સેવાઓ અન્વયે તેમને મળવું જોઈએ એટલું ભંડોળ મળ્યું નથી જેને પરિણામે હૉસ્પિટલોમાં ભીડની સમસ્યા થઈ અને હૉલવે મેડિસિનનો સહારો લેવો પડ્યો. રાયરસન સ્કૂલ ઓફ મેડિસિનમાં નિવેશ સિટી ઓફ બ્રૅમ્પટનને આ સ્થિતિમાં પરિવર્તન આણવાની તક આપશે.

રાયરસન યુનિવર્સિટી ખાતેની સ્કૂલ ઓફ મેડિસિનની રચના પાંચ સ્તંભોની આસપાસ થશે.

- સમાજલક્ષી પ્રાથમિક સંભાળ અને આરોગ્યના સામાજિક નિર્ધારણો પર ધ્યાન કેન્દ્રિત કરવું
- સમુદાયોને સાંસ્કૃતિક રીતે આદરપૂર્ણ સંભાળ પૂરી પાડવી
- પ્રણાલિઓમાં ઈનોવેશન અને ટેકનોલોજીનો મહત્તમ લાભ લઈને સંભાળની ગુણવત્તા અને દર્દીઓને મળતા પરિણામોમાં સુધારા લાવવા
- ભાવિ તબીબોને એવા કૌશલ્યો પૂરા પાડવા જેથી દર્દીઓને વધુ સારા પરિણામો હાંસલ કરવા માટે આંતર-વ્યવસાયિક આરોગ્યના નેટવર્ક્સનો વિકાસ થાય
- જેમ જેમ આપણા સમાજનો એક હિસ્સો ઘડપણ તરફ વળે ત્યારે વરિષ્ઠ નાગરિકોને મદદ અને વૃદ્ધત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવું

રાયરસન સ્કૂલ ઓફ મેડિસિન આયોજન સમિતિએ રાયરસન સમુદાય સાથે સામુદાયિક પરામર્શનો પ્રથમ તબક્કો પૂર્ણ કર્યો છે અને તેઓ હવે પોતાનું ધ્યાન બ્રૅમ્પટન, પીલ અને અન્ય પ્રાંતોમાં રહેલ સામાજિક હિસ્સાધારકોને પ્રવૃત્ત કરવાની મજબૂત યોજના તરફ વાળશે. આ પરામર્શોથી સામાજિક સંગઠનો, આરોગ્ય સંભાળના વ્યવસાયો, તબીબો અને નૈદાનિક જૂથો ના અગ્રણીઓ પ્રવૃત્ત થશે તમજ સામુદાયિક જૂથો સાથે જોડાઈ શકાશે જેથી તેમની સ્કૂલ માટેની આશાઓ અને અપેક્ષાઓ સમજી શકાય અને મળેલ પ્રતિભાવો આયોજનમાં કામે લગાડી શકાય.

રાયરસન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ મેડિસિનની દરખાસ્ત વિશે વધુ માહિતી માટે મુલાકાત લો: https://www.ryerson.ca/brampton/school-of-medicine/

-30-

**રાયરસન યુનિવર્સિટી વિષયક**

કૅનેડામાં રાયરસન યુનિવર્સિટી અભિનવ, કારકિર્દી અભિમૂખ શિક્ષણના કર્ણધાર ગણવામાં આવે છે. શહેરી, સાંસ્કૃતિક વૈવિધ્યસભર અને સમાવેશિત હોવાથી આ યુનિવર્સિટી 46,000 કરતા વધુ વિદ્યાર્થીઓનું ઘર છે જેમાં 2,900 માસ્ટર અને PhDના વિદ્યાર્થીઓ છે, 3,800 ફેકલ્ટી અને સ્ટાફ છે અને વિશ્વભરમાં 2,00,000 કરતા વધુ ભૂતપૂર્વ છાત્રો છે. વધુ માહિતી માટે, ryerson.caની મુલાકાત લો.

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**

જેસિકા લીચ
જનસંપર્ક અને સંવાદ વિશેષજ્ઞ
રાયરસન યુનિવર્સિટી
jleach@ryerson.ca
416.704.2166

મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca